તા. ૦૮.૦૧.૨૦૨૫, પાના નં. ૦૧
સંદેશ, (ગાંધીનગર આવૃત્તિ),

# ૯મીએ મોટેરાથી ગાંધીનગર સુધી મેટ્રો રેલ સેવા અસરગ્રસ્ત થશે

## સવારે ૧૦.૪૦થી સાંજના ૪ ઈન્સ્પેક્શન ચાલશે

### ફેઝ-૨ના રૂટ પર નિરીક્ષણના કારણે મેટ્રો સાંજે ૪ સુધી બંધ રહેશે

। ગાંધીનગર । (સં.ન્યૂ.સ.)

ગાંધીનગર અમદાવાદ વચ્ચે શરૂ થયેલી મેટ્રોરેલ તા. ૯ના રોજ સવારે પોણા અગિયારથી સાંજના ચાર કલાક સુધી બંધ રહેશે. સીએમઆરએસ દ્વારા આ રૂટ પર ઈન્સપેક્શનને ધ્યાને લઈને આ સેવા થોડા કલાકો માટે સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે.

કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટિ (સીએમઆરએસ) દ્વારા તા. ૯મી જાન્યુઆરીના રોજ ફેઝ-૨ કોરિડોરના મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ અને જીએનએલયુથી ગિફ્ટસિટી મેટ્રો સ્ટેશન સુધીના રૂટ પર નિરીક્ષણ કરવામાં આવશે. જેના પગલે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રોટ્રેન સેવાઓ સવારે ૧૦.૪૦ કલાકથી સાંજના ચાર કલાક સુધી સ્થગિત રહેશે.

જોકે, આ દિવસે સેક્ટર-૧ થી મોટેરા સ્ટેડિયમ માટેની છેલ્લી ટ્રેન સવારે દસ કલાકે ઉપડશે. જ્યારે જીએનએલયુ થી ગિફ્ટસિટી માટે સવારે પોણા દસ કલાકે ઉપડશે. સાંજના ચાર વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ અને જીએનએલયુથી ગિફ્ટસિટી સુધી મેટ્રો ટ્રેન સેવાઓ હાલના સમયપત્રક પ્રમાણે મુજબ કાર્યરત રહેશે.

ઉલ્લેખનીય છેકે, મેટ્રોરેલ ફેઝ-૨ અંતર્ગત સેક્ટર- ૧થી મહાત્મા મંદિર વચ્ચે મેટ્રોટ્રેનના રૂટની કામગીરી ધમધોકાર ચાલી રહી છે. જે સંભવત આ વર્ષે પુર્ણ કરવામાં આવે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.